

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બેકાર બજેટ બેકારોને સપનાં બતાવે છે,*
*હતાશાથી યુવાન હૃદયમાં અગ્નિ પેટાવે છે.*
*છૂપાવે છે છૂપી બિમારી માંદલાં અર્થથંત્રની -*
*શ્રદ્ધા અને વિશ્વાસ વગરની વિધિ પતાવે છે!!*
*(નિરાશાજનક બજેટ)*

### હાઈકુ

*પુરાતત્ત્વનું,*
*કરશે પ્રદર્શન -*
*બુદ્ધિ-સહિત...*

*'આંકડા' માટે -*
*ગુજરાતમાં હજી -*
*દોડે છે મેટ્રો !*

### ચિંતન

*ઉપાધ્યાયાદ્ દશાચાર્ય:, આચાર્યાણાં શતં રિતા ।*
*સહસ્ર તૃ પિતૃન્ માતા, ગૌરવેણાતિચ્યેત ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જીવનમાં આજીવિકા માટે એટલે કે ભરણપોષણ માટે ભણાવનાર શિક્ષક-આચાર્ય, ઉપાધ્યાય વૃત્તિ - કોઈ પણ ટેકનિકલ કલાત્મક શિક્ષણ આપનાર ઉપાધ્યાય વૃત્તિ શીખવનાર શિક્ષક કરતાં દસ ગણો ઉત્તમ કહેવાય છે અને એવા ઉપાધ્યાય કરતાં જીવનમૂલ્યો અને સંસારનું શિક્ષણ આપનાર પિતા સો ગણો સારો શિક્ષક કહેવાય છે, પરંતુ માતા તો પિતાથી પણ હજાર ગણી ગૌરવથી અધિક છે.

અર્થાત ઉપાચ્યાયથી દસ ગણી, આચાર્યથી સો ગણી, પિતાથી હજાર ગણી ઉત્તમ શિક્ષક માતા છે. માતા ડગલેને પગલે વર્તન-વિચાર, જીવનમૂલ્યો અને આચરણ સતત શીખવતી રહે છે. પિતા ફુરસદના સમયે, આચાર્ય નક્કી કરેલા સમયે અને ઉપાધ્યાય નિશ્ચિત ગાળા માટે જ નિશ્ચિત ધ્યેયને ધ્યાનમાં શિક્ષણ આપે છે, જયારે માતા તો પુત્રના સાર્વત્રિક વિકાસ આપનાર સતત શિક્ષણની નિરંતર પ્રક્રિયામાં જ જોડાયેલી રહે છે. આથી માતાને હજાર ગણી ગૌરવાધિક સન્માનીય ગણવામાં આવે છે.

### સુવિચાર

- ઈંટનો જવાબ જેણે પથ્થરથી આપ્યો છે, આંસુનો બદલો જેણે લોહીથી લીધો છે, અને ક્રોધનો જવાબ જેણે હિંસાથી આપ્યો છે એને આ જગતે કદી આદર્શરુપ બનાવ્યો નથી - **આચાર્ય વિજયરત્નસૂરિ**
- એક વાત યાદ રાખવી જોઈએ કે જીવનમાં નિષ્ફળતા મળે એ સ્થિતિ જોખમી નથી, પણ મન નિરાશાનું શિકાર બની જાય એ સ્થિતિ જોખમી છે - **ધર્મલોક**
- રસ્તો સરસ છે, તમારા પગ એકદમ મજબૂત છે. લક્ષ્ય તમારું સ્પષ્ટ છે પણ જો તમારી મંઝિલે પહોંચવું છે તો માર્ગ પર કદમ મૂકવાનો પુરુષાર્થ તમારે કરવો જ પડે છે - **એસ.ભટ્ટાચાર્ય**
- જો શાસક ન્યાય અને ધર્મના માર્ગથી ચલિત થશે તો સ્વર્ગમાંથી સમયસર વર્ષા વરસતી બંધ થઈ જશે - **જીવનપાથેય**
- તમે એવી વાણી ઉચ્ચારો જેને અન્યની વાણી ચૂપ ન કરી શકે - **ઓશો**
- બીજાના હૃદયના ભાવ યથાર્થ રુપે જે જાણી લે છે તેને દેવતૂલ્ય સમજવો - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : અડદની દાળનું સેવન કરવાથી સ્તનપાન કરાવતી માતાને દૂધ વધે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસ થાકીને પલંગમાં પડ્યો, મનમાં વિચારો હતો કે આ જિંદગી પણ સાવ કેવી છે? એકવાર આ જિંદગી રૂબરૂમાં મળી જાય તો પૂછી લેવું છે કે તું કોણ છે? તારી ઓળખ શું ? તને આનંદથી જીવવા શું કરવું ?? આવું વિચારતા માણસ સૂઈ ગયો. અને ખરેખર જિંદગી એ એ માણસ સાથે વાતો શરૂ કરી. માણસે કહ્યું, 'ઓ જિંદગી, તું ખરેખર કોણ છે? કયારેક અઘરી લાગે છે, તો કયારેક સાવ સહેલી... કયારેક મસ્તીભરી તો કયારેક કંટાળાજનક...' જિંદગી એ જવાબમાં કહ્યું, 'ભાઈ, તું મનથી માને અને માણે તો હું મોજ છું, પણ એક વાતનો ખ્યાલ રાખજે કે હું રોજ રોજ ઘટતી જાઉં છુ... એક એક પળ તું આનંદથી ઉજવીશ તો હું સુખથી ભરપૂર છું... અને જો દુઃખી થઈશ તો હું દુઃખનો મહાસાગર છું.' જેવું તારું કર્મ એવું જ ક હું ફળ છે... હું જ તારો માણસ છું... હંમેશા તારી આસપાસ... અને તારી જ ખાસ છું.' માણસે પૂછ્યું, 'એ જિંદગી, તું જ મારી આસપાસ છે. અને મારી ખાસ છે તો હું તને ઓળખી કેમ શકતો નથી? તારી ઓળખાણ શું?' જિંદગીએ કહ્યું, 'તું જ મારી ઓળખાણ છે... હું એક જંગ છું જેતારે જીતવાની છે, હું એક કોરું કેનવાસ છું. કે જેમાં તારે મનોહર રંગો પૂરવાના છે. હું મુશ્કેલી પણ છું અને હું જ પકડાક છું, જે તારે પાર કરવાનો છે. તારે જ મને સુંદર ઓળખ આપવાની છે.' માણસે પૂછ્યું, 'જિંદગી, તને આનંદથી પસાર કરવા માટે શું કરવું જોઈએ ?' 'જિંદગી એ હસીને કહ્યું, 'સૌથી પહેલાં તું સાચી સમજણ કેળવ, સારા વિચારો સજાવ, દુનિયામાં સારા કાર્યોની છાપ છોડ... સ્વપ્ન સાકાર કરવા સખત મહેનત કર અને હું ઈશ્વરે તને આપેલી ભેટ છું... માટે ઈશ્વરનો સતત આભાર માનતો રહેજે તો તારી જિંદગીની ક્ષણ ક્ષણમાં આનંદ જ આનંદ રહેશે.'' માણસની આંખો ખૂલી અન ઘણા પ્રશ્નોના જવાબ આ એક સ્વપ્ન આપી ગયું.

# ભય અને હિંસાનો માહોલ ચિંતાજનક

**તંત્રીસ્થાનેથી...**

દિલ્હીની ચૂંટણીની આડે માત્ર ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે સર્જાતા વરવા દશ્યો ચિંતા ઉપજાવે છે. રાજકારણ રાજકારણની રીતે હોવું જોઈએ. રાજનીતિમાં પોતાના મુદ્દાઓ રજૂ કરવાનો દરેકને અધિકાર છે, પરંતુ ભડકાઉ ભાષણો દ્વારા ઉશ્કેરાટ પેદા કરી ભય અને હિંસાનો માહોલ સર્જવાનો પ્રયાસ માત્ર દુઃખદ જ નહિ ચિંતાજનક છે. છેલ્લા ચાર દિવસમાં દિલ્હીના ચોક્કસ વિસ્તારમાં ત્રણ ગોળીબારની ઘટનાઓ લોકતંત્રને કલંક લગાવે છે. શાહીનબાગમાં ચાલતા વિરોધ પ્રદર્શન અંગે આક્ષેપ પ્રતિઆક્ષેપો સતત ચાલે છે અને એમાં ખોટું પણ નથી. દરેક પક્ષ પોતપોતાના તર્ક રજૂ કરી શકે છે અને શાહીનબાગના પ્રદર્શનો સાચા છે કે ખોટા છે તેની વિસ્તૃત છણાવટ પણ કરી શકે છે અને કરવી જ જોઈએ. પરંતુ ખુલ્લેઆમ હાથમાં તમંચો કે પિસ્તોલ લઈ ગોળીઓ ચલાવવી એ કયારેય સ્વીકારી શકાય તેમ નથી. અને કોઈ ચોક્કસ સમાજ ઉપર અન્ય સમાજની વ્યકિત હિંસક અભિવ્યક્તિ કરે ત્યારે સમગ્ર લોકતંત્ર ધ્રુજી રહ્યું છે.

દિલ્હીના શાહીનબાગ વિસ્તારમાં ચાલતા વિરોધ પ્રદર્શનો દેશ અને દુનિયામાં ચર્ચાની એરણે છે અને સ્વાભાવિક છે કે પચાસ-પચાસ દિવસથી નાગરિકતા સુધારા કાનૂન સામે મુસ્લિમ સમાજની મહિલાઓ રાત-દિવસ ધરણા કરી રહી છે જેના કારણે નોઈડા અને દિલ્હી વચ્ચેનો વાહન વ્યવહાર ૫૦ દિવસથી અટવાયો છે આ ઘટનામાંથી ત્રણ સવાલો સામાન્ય નાગરિકના મનમાં ઊઠે છે કે,

(૧) સરકાર આંદોલનકારી સાથે વાતચીત કેમ નથી કરતી...? કે હટાવી કેમ નથી શકતી...?

(૨) પચાસ પચાસ દિવસથી પાંચ-પાંચ હજારના ત્રણ શિફ્ટમાં બેસતાં આંદોલનકારીઓનો ખર્ચ કોણ ઉઠાવે છે? અને

(૩) એમને ગભરાવવાનો અને બિવરાવવાનો ગોળીઓના માધ્યમથી જે પ્રયાસ થાય છે તેને કેમ કોઈ અટકાવતું નથી...?

આ પ્રશ્નો માત્ર કોઈ એક વ્યક્તિ કે કોઈ અખબારના નથી પરંતુ, સમગ્ર દેશના જનમાનસમાં મૂંઝવતા પ્રશ્નો છે અને શાસકો દેશને જવાબ આપવા બંધાયેલા છે.

રાજકારણમાં મત મેળવવા અને મતદાતાઓને આકર્ષવા પ્રયાસો કરવાની રાજકીય પક્ષોને છૂટ હોય છે, પરંતુ ભય અને હિંસાનો માહોલ ઊભો કરી મતદારોને ડરાવવાનો પ્રયાસ નીંદનીય છે. ધૃણાસ્પદ છે. નફરતની નીતિ દ્વારા દેશ ફરીથી ૧૯૪૭ સ્થિતિ પર પહોંચી રહ્યો છે. સત્તા પક્ષ કે વિપક્ષની જ વાત નથી. તમામ રાજકીય પક્ષો અને આગેવાનો રાજકારણથી ઉપર ઉઠી રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાના મુદ્દા પર પ્રમાણિક બને, કોમવાદના ભડકાઉ ભાષણો બંધ કરે. સત્તાની લાહ્યમાં સમાજને વિભાજિત કરવાનું અધમ કૃત્ય બંધ થવું જોઈએ. ગાંધીના નામે ગૌરવ લેનારા આપણે હિંસાના માહોલમાં કેમ ધકેલાઈએ છીએ એ પ્રશ્ન સમગ્ર દેશને કનડે છે. એક રાજયની ચૂંટણી જીતાશે કે હરાશે એ ભૂલી જઈ કોમ કોમ વચ્ચે ઝેર પ્રસરાવવાનું પાપ જો બંધ નહિ થાય તો દેશની આવતીકાલ વર્તમાનને માફ નહીં કરે.

# રામ બ્રહ્મ અને અન્ન પણ બ્રહ્મ



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

ફરીને અવસર એ આવ્યો,
રામનું નામ ફરીને ગુંજશે,
ફરી એ જ અમૃતવાણી પામશે
ધન્ય ધરા આ જલિયાણની...

આ શબ્દો ચરિતાર્થ થયા, માતુશ્રી વીરભાઈમા અને પૂજ્ય જલારામ બાપાના સેવા ધર્મની બસ્સો વર્ષથી સતત પ્રજ્વલિત જયોતની ઉજવણી સ્વરુપે ભજન અને ભોજનના પ્રયાગ વિરપુર મુકામે પૂજ્ય મોરારી બાપુના શ્રી મુખેથી રામકથાનું ગાન થયું. અન્નક્ષેત્ર દ્વિ શતાબ્દી મહોત્સવ ભાવપૂર્ણ રીતે ભક્તિમય વાતાવરણમાં ઉજવાયો.

'ભૂખ્યાંને ટુકડો તો હરિ ઢુકડો' એ શબ્દો જયાં મંત્રની જેમ સચવાયા, જીવાયા એવી પાવન ધરા વિરપુર પર 'રામ બ્રહ્મ અને અન્ન પણ બ્રહ્મ' એમ કહીને પૂજ્ય મોરારી બાપુએ 'માનસ - સદાવ્રત' ના કથા પ્રવાહમાં શ્રોતાઓને એકાકાર કર્યા.

યુવાન અવસ્થામાં જ પોતાના ગુરુ, ભોજલરામને જલારામે કહ્યું હતું 'મારે સદાવ્રત શરૂ કરવું છે, મને આજ્ઞા આપો તો આ કાર્ય કરવા તૈયાર છું.' ગુરુએ આશીર્વાદ આપ્યા કે ખુશીથી સદાવ્રત શરુ કર, ગૃહસ્થાશ્રમ નિભાવ અને સાધુની સેવા કર...' પત્ની વીરબાઈમા અને જલારામની સ્થિતિ એવી કે ખેડૂતોના ખેતરમાં મોલ લણી નિર્વાહ ચલાવે...

આપણો 'વાલો' આપણી લાજ રાખશે એવી શ્રદ્ધા સાથે વિક્રમ સંવત ૧૮૭૬ મહા સુદી બીજના દિવસે વીરપુરમાં સદાવ્રત શરૂ કર્યું. તે દિ'ની ઘડી ને આજનો દિ' ... બસો વર્ષ થયા અન્નક્ષેત્ર સતત ચાલું છે. બાપાના વીરપુરના મંદિરમાં એક પૈસો પણ દાનમાં સ્વીકારાતો નથી... વિનયપૂર્વક અહીં દાન ન આપવા જણાવાય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે અતિ વિનમ્રભાવે સાવ સહજપણે આ કાર્ય આજે યુવા પેઢી પણ પૂર્ણપણે સમર્પિત થઈને કરી રહી છે.

કથામાં સાચા અર્થમાં ભજન અને ભોજનનો પ્રયાગ થયો હતો. રોજ કથા આરંભે પૂજ્ય રઘુરામ બાપા થતા પરિવારજનો દ્વારા ભજનોની પ્રસ્તુતિ સુમધુર સ્વરમાં ભાવપૂર્વક થતી હતી. અને કથા વિરામ બાદ બપોરે અને સાંજે માણસો - શ્રોતાઓ - મહેમાનો - ભોજન - પ્રસાદ લેતા હતા. કયાંકે સહેજ પણ અવ્યવસ્થા નહિ, એવી સ્વયં શિસ્તનું અદ્ભૂત વાતાવરણ અહીં જોવા મળ્યું હતું. સમગ્ર આયોજન અને તેની વ્યવસ્થા જોઈને સહજપણે એમ થાય કે અહીં જલારામ બાપાની દિવ્ય ચેતના જાણે સતત કૃપાદષ્ટિ વરસાવી રહી છે અને એના થકી જ સમગ્ર કાર્ય સંપન્ન થયું છે.

પૂજ્ય મોરારી બાપુએ જલારામબાપાને વિવેક અને વીરબાઈમા ને વાણી રૂપે ઓળખાવી 'માનસ સદાવ્રત' કથાના આરંભે કહ્યું હતું કે વર્ણ - વર્ગ - દેશ - કાળના જુએ તે સદાવ્રત છે. જમવા બેઠો તે બ્રહ્મ છે, જમવા પીરસાયું તે અન્ન પણ બ્રહ્મ છે અને પીરસનાર સેવક છે. મનમાં સદભાવ, વાણીમાં સન્માન, વિવેકપૂર્ણ મુસ્કુરાહટ અને ભજન સાથે ભોજન પીરસાવું જોઈએ, એ સદાવ્રતના લક્ષણો છે.

પ્રેમ પ્રતિક્ષા કરે છે, પ્રેમને વંશ ના હોય, પ્રેમનો અંશ હોય, પ્રાણ સંકટે પ્રિય સત્ય ઉચ્ચારવું અને કડવું સત્ય સ્વીકારવું એ ભજન છે આ બંને સત્ય સ્વીકારવા એ ભજન છે. વિશ્વાસુને વેડવો નહિ અને નુગરાનો નેડો નહિ એમ કહી તેઓએ ઉમેર્યું હતું કે સહજ સ્વભાવમાં જીવવું. સદાવ્રત શબ્દની વ્યાપકતાનો ઉલ્લેખ કરી તેઓએ કહ્યું હતું કે ત્યાગના - વૈરાગ્યના - સંવેદનાના - હાસ્યના સદાવ્રતો છે.

અન્નક્ષેત્ર દ્વિ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે યોજાયેલી રામકથા અનેક મીઠા અને ભાવપૂર્ણ સંભારણા આપી ગઈ.

આજે પણ કેટલાયે ઘરોમાં એ પરંપરા સચવાયેલી જોવા મળે છે કે ભોજન પહેલા અન્નને દેવતા માનીને વંદન કરવા... આજે પણ એવા કેટલાયે વ્યક્તિઓ છે જે પોતાની આસપાસના જાણીતા અજાણ્યા લોકોનો ભેજન કરાવે છે. અન્નનો ટુકડો આપણે કોઈને આપીએ - આપવાપણાના ભારથી મુક્ત રહીને આપીએ અને એનો ઓડકાર આપણને આનંદ આપી જાય ત્યારે અંતરમાં અજવાળા રેલાય છે.

# ખોટું બોલવામાં કરેલી ઉતાવળ, અને સાચું બોલવામાં કરેલ મોડું, જીવનમાં ઘણું ગુમાવી દે છે



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

આફત શું છે ? ક્યાં કોની સાથે કેવો વ્યવહાર કરવો તેની પળોજણ છે. સાચે જ યાર ! અહીંયા સૌથી મોટી મુશ્કેલી જ આ છે, કે કયારે કયો વ્યક્તિ કયુ મ્હોરું પહેરીને આપણી સામે ઊભો રહે છે, સાલી તે જ ખબર નથી પડતી...

વડીલો કહી ગયા કે, હંમેશા સત્યના માર્ગે ચાલો, સદાય ધર્મમય બનો, પણ તેમને કેવી રીતે સમજાવવા કે હવે સમય બદલાઈ ગયો છે, એક જ રસ્તે ચાલી શકાય તેવો સમાજ અને સમાજના લોકો રહ્યા નથી. હા! આદર્શવાદી, સત્યનિષ્ઠ અને સદાચારી લોકો આ 'નરો વા કુંજરો વા' વાળા માર્ગને છટકબારી તરીકે ઓળખાવશે અને ઉપદેશ પણ આપી દેશે કે એવું કશું અશક્ય આ દુનિયામાં નથી જે ન કરી શકાય. આપણે સત્ય અને અહિંસાના માર્ગે ચાલી જ શકીએ...

ત્રેતાયુગમાં સત્યવાન ધર્મવાન યુધિષ્ઠિરને પણ જો 'નરો વા કુંજરો વા' કરવું પડતું હોય તો આજના કલિયુગમાં મારા-તમારા જેવા પામર મનુષ્યો માટે તે એકધારું સત્યના માર્ગે ચાલવું અશક્ય જ બની રહે ને !

માટે જે ધર્મધુરંધર અને સત્યાગ્રહી વ્યક્તિઓને લાગતું હોય કે ગમે તે પરિસ્થિતિમાં અમે તો અટલ અચળ બનીને, યુધિષ્ઠિરથી પણ સવાયા બનીને, સતત સત્યના માર્ગે ચાલી શકીએ છીએ, તેવા ધુરંધર વ્યકિતત્વ આ પામર માનવે લખેલ આ લેખ ન વાંચે. આ વાત તો મારા જેવા અઢળક સાધારણ લોકો માટે છે, જેઓ વારંવાર એવી અવઢવમાં અટવાઈ પડતા હોય છે કે, અત્યારે સત્ય ઉચ્ચારવું, અર્ધસત્ય ઉચ્ચારવું કે અસત્યનો આશરો લેવો ?

ના ના ! બહુ ભારેખમ અને ગહન દાર્શનિક વાત નથી કરવી. ખૂબ જ સરળ વાત છે. આપણું અસત્ય કયારેક આપણી માટે ખૂબ આવશ્યક હોય છે. કોઈ જડસુ અને અવાસ્તવવાદી પરિસ્થિતિઓમાં આપણું અસત્ય ભાષણ વરદાનરુપ બની જાય છે.

બસ મુશ્કેલી એ છે કે, આવી પરિસ્થિતિઓને ઓળખવામાં કાં તો આપણે થાપ ખાઈ જઈએ છીએ, અથવા તો વારંવાર આવી પરિસ્થિતિવશ લાચાર બની જવાની ટેકણ લાકડીનો ઉપયોગ કરવાની કુટેવ પડી જાય છે.

માનવસહજ દોષ તો આમાં આપણા બધાનો રહેવાનો જ છે. પરંતુ બીજી કપરી બાબત એ છે કે, જિંદગી એક જ પરીક્ષા અલગ અલગ અભ્યાસક્રમ સાથે વારંવાર લે છે, એટલે આગળની પરીક્ષામાં જે સમજથી જવાબ આપ્યા હોય તે જ પદ્ધતિ જો બીજી વખત વાપરવા જઈએ તો ખતા ખાવી પડે છે.

જેમ કે, એક જ વ્યક્તિ આપણી સમક્ષ આપણા જીવનમાં કયારેક ખૂબ ઉપયોગી લાગતા હોય પરંતુ તે જ વ્યક્તિ પરિસ્થિતિવશ આપણી સમક્ષ થોડા અણગમતા ચહેરા સાથે આવે ત્યારે તત્કાલ પ્રતિક્રિયા આપીને તેની સાથે ઘર્ષણમાં આવી જવું કે પછી ખતા ખાઈ જઈને સહન કરી લેવું, તેવી અવઢવ થતી હોય છે.

સામા વ્યક્તિની સાચી ઓળખ આપણે મેળવી લીધી છે કે પછી ઉપલક દૃષ્ટિએ જ આપણે ત્વરિત નિર્ણય પર પહોંચી ગયા છીએ તે આપણે સ્વયં નક્કી કરવું પડતું હોય છે, અને આ જ 'જો અને તો' વાળી પળોમાં આપણે કોઈને કોઈ ઉતાવળીયો ખોટો નિર્ણય લઈ લેવાની મૂર્ખામી કરી બેસીએ છીએ.

ઘણીવાર ત્વરિત પ્રતિક્રિયા ન આપીને કાયરમાં ખપાવાની ભીતિ પણ હોય છે, ચોક્કસ આઘાત સામે પ્રતિઘાત ન આપીને ઘણીવાર આપણે આપણી જાતને છેતરાયેલ કે અશક્ત માનતા હોઈએ છીએ. ચૂપ રહેવું એ નિર્બળતા નથી હોતી પરંતુ બમણી તાકાત પણ હોય છે.

આપણે ઉતાવળ કરીને કોઈ નિર્ણય પર પહોંચી જઈએ, અને કદાચ પરિસ્થિતિવશ કોઈ સ્વજન કોઈ વખત આપણાં આકલન મુજબ ન વર્તે ત્યારે દુઃખી થઈને જજમેન્ટલ બન્યા વગર મૌન રહીને પરિસ્થિતિને તાગવી જોઈએ.

અગાઉ કહ્યું તેમ આપણા મૌનને આપણી નબળાઈ માની લેવામાં આવે તો મૂંઝાવું નહીં. કારણ કે જો કોઈકે માત્ર ને માત્ર સંજોગાવશાત્ જ આપણા તરફી જો અણછાજતું વર્તન કરતા હોય તો તેમને માફ કરવા જોઈએ. અને જો કોઈ વારંવાર આપણું અપમાન કરતું હોય, અને એકાધિક વખત તેમનું અતડાપણું આપણને આહત કરતું હોય તો પણ તેવા વ્યક્તિ પ્રત્યે કોઈ જ પ્રત્યાઘાત આપવાનું કોઈ કારણ નથી. કોઈ મતલબ જ નથી એવો સ્વાર્થી અને દોગલા વ્યક્તિ માટે આપણી કોઈ પણ ભાવના વ્યક્ત કરવાનું. ઘૃણા, ગુસ્સો જેવી ભાવના પણ તેમના તરફ વ્યક્ત કરીને આપણે તેમને મહત્ત્વ આપીએ તેના કરતા તો તેમને નજરઅંદાજ કરવા એ જ આપણી માટે હિતકારક છે.

કારણ કે હમણાં જ વોટ્સએપ પર નાનકડી પણ ખૂબ ગહન પંક્તિઓ વાચી હતી...

કંઈ જ રીએક્ટ ન કરવું
હંમેશા હાર નથી હોતી.
સમજણ પણ હોઈ શકે...
- ખોટું બોલવામાં કરેલી ઉતાવળ
અને સાચું બોલવામાં કરેલ મોડું
જીવનમાં ઘણું ગુમાવી દે છે...

- jayuoza@gmail.com
Mo.9898046488

# રાષ્ટ્રપ્રેમનું ઝનૂન એકાદ બે દિવસ માટે જ નહીં, બારે માસ અને ચોવીસે કલાક રગેરગમાં દોડવું જોઈએ



**આત્મનાદ**

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

લો, વધુ એક રાષ્ટ્રીય પર્વ ગણતંત્ર દિવસ પસાર થઈ ગયો. ગણતંત્ર દિવસની દમામભેર ઉજવણી પણ થઈ. દેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના શું છે ? સ્વાતંત્ર્ય દિવસ અને ગણતંત્ર દિવસે લાઉડસ્પીકર પર દેશભક્તિના ગીતો વગાડીને-ગાઈને કે પોતાના વાહન ઉપર ત્રિરંગો ઝંડો લગાવીને, માથા પર ત્રિરંગાની ટોપી કે સાફો પહેરી લીધો એટલે એ દેશપ્રેમ કહેવાય ? વર્ષમાં રાષ્ટ્રીય પર્વના માત્ર બે દિવસોએ દેશભક્તિના ગીતો ગાઈને કે શહીદોને શ્રદ્ધાંજલિ આપીને દેશ પ્રત્યેની ફરજ પૂરી થઈ ગઈ એમ સમજવુ જોઈએ ? દેશની આઝાદીની ગરિમાને બરકરાર રાખવા માટેની જવાબદારી માત્ર પોલીસની કે સૈનિકની છે ? પોલીસ અને સૈનિક આ બે તો એક જાગૃત પ્રહરી માત્ર છે. સ્વાતંત્ર્ય અને સંસ્કૃતિની જાળવણી પ્રત્યેક રાષ્ટ્રવાસીની ન માત્ર નૈતિક ફરજ છે બલ્કે એનું પરમ કર્તવ્ય અને ધર્મ છે.

દેશમાં આતંકવાદીઓનો જેટલો ત્રાસ પરેશાન નથી કરતો એનાથી વધુ રાષ્ટ્રીય ભાવનાના અભાવવાળી જનતા દુઃખી કરે છે. ત્રિરંગાને શાનથી જોઈને એને સલામી આપવી કે વીર-શહીદના પરિવારોમાં જઈને આંસુ સારીને રાષ્ટ્રીય ભાવના ઝંકૃત થઈ છે એવો સંતોષ માણવો જોઈએ ? ચોક્કસ આ બન્ને બાબતો રાષ્ટ્રીય ભાવના જ કહી શકાય પરંતુ સાચી દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવના તો એ છે કે, દેશ માટે ફના થઈ જવાનો મોકો જેમને મળ્યો નથી એમણે રાષ્ટ્રની આન-બાન અને શાનને જાળવી રાખવા માટે જીવવાનો અવસર મળ્યો છે. તેમ સમજીને રાષ્ટ્ર પ્રતિ ઋણ અદા કરવાનો નૈતિક જૂસ્સો કેળવવાનો સમય છે.

એક સમય એવો હતો કે, જાપાન દેશ તેના અધિપત્ય અને સત્તા માટે પાગલ હતો. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિરોશીમા અને નાગાશાકી ઉપર ઝીંકાયેલા અણુબોમ્બને કારણે જાપાનમાં સર્જાયેલી ખાનાખરાબી પછી જાપાન દેશ ધરાશાયી થઈ ગયો. પરંતુ જાપાનના સાડાબાર કરોડ જેટલા નાગરિકોએ મુઠ્ઠીવાળીને સંકલ્પ કર્યો કે, આપણા રાષ્ટ્રને ફરી પાછું દોડતું કરવું છે. જાપાનમાં એક મિનિટથી વધારે ટ્રેન મોડી પડે તો ડ્રાઈવર એન્જિનમાંથી નીચે ઉતરીને જાહેરમાં જનતાની સામે રીતસર દીલગીરી વ્યક્ત કરે છે. આખા જાપાનમાં ખોવાયેલી વસ્તુઓ પૈકી ૯૩ ટકા વસ્તુઓ સલામત રીતે પાછી મળી જાય છે. સમગ્ર દેશમાં પરિવહનનું નિયમન જનતા સ્વેચ્છાએ સ્વયં કરે છે. લોકો પોતાની જવાબદારી સમજીને કતારબદ્ધ ઊભા રહે છે. ક્યાંય કોઈ ધક્કા મુક્કીનો પ્રસંગ બનતો જ નથી. 'દેશ સર્વોપરી' જેવું સૂત્ર જાપાનીઓના માથે મારવામાં આવ્યું નથી પરંતુ આ વાત પ્રત્યેક જાપાનીના લોહીમાં વહે છે.



રતન ટાટાએ કહેલો આવો જ એક જર્મનીના હેમ્બર્ગનો પ્રસંગ યાદ આવે છે. બિઝનેશ ટાયફૂન રતન ટાટા તેમના મિત્રો સાથે એક વાર જર્મનીના પ્રવાસે ગયા હતા. જર્મની એક વિકસીત રાષ્ટ્ર છે. સામાન્ય રીતે લોકોના મગજમાં એવી છાપ હોય કે જર્મનીના લોકો શાનદાર જીવન જીવે છે. ટાટા એમના મિત્રો સાથે હેમ્બર્ગની એક રેસ્ટોરન્ટમાં જમવા માટે ગયા. રેસ્ટોરન્ટના ખૂણાના એક ટેબલ પર એક યંગ કપલ ભોજન લેતું હતું. એમના ટેબલ પર માત્ર બે જ વાનગીની ડિશ હતી. રતન ટાટા મનોમન વિચારતા હતા કે, આ કંજૂસ છોકરાને એની પ્રેયસી કદાચ છોડીને જતી રહેશે. સાથે સાથે એમણે બાજુના ટેબલ પર કેટલીક બુઝુર્ગ મહિલાઓને ભોજન લેતાં જોઈ. રેસ્ટોરન્ટનો વેઈટર આ મહિલાઓને વાનગીઓ પીરસતો હતો. મહિલાઓ એમની ડિશમાં જેટલું પણ પીરસવામાં આવતું એ તમામ વાનગીઓને વ્યવસ્થિત રીતે આરોગી લેતી હતી.

રતન ટાટા અને એમના મિત્રોએ થોડું વધારે જમવાનું ઓર્ડર કર્યું હતું. જમવાનું પુરું કરીને જ્યારે આ બધા મિત્રો રેસ્ટોરન્ટની બહાર નીકળ્યા ત્યારે લગભગ ત્રીજા ભાગનું ભોજન ટેબલ પર પડી રહ્યું હતું. બુઝુર્ગ મહિલાઓના વૃંદમાંથી એક મહિલા ઊભી થઈને ટાટા અને એમના મિત્રો પાસે આવીને બોલી, 'હું તમારાથી ખૂબ નારાજ છું.' આ મિત્રોએ પૂછ્યું, 'એવું તો શું બન્યું કે, તમે અમારાથી નારાજ છો ?' મહિલાએ કહ્યું, 'તમે અનાજ બરબાદ કર્યું છે.' મહિલાની વાત સાંભળીને એક મિત્ર બોલ્યો, 'અમે જમવાના પૂરા પૈસા ચૂકવ્યા છે. તમને એનાથી શું ફરક પડે છે.' આ સાંભળીને મહિલાઓનો પારો સાતમાં આસમાને પહોંચી ગયો. એક મહિલાએ ફોન કરીને કોઈકની સાથે કંઈક વાત કરી. ગણતરીની મિનિટોમાં જ સોશિયલ સિક્યોરિટી ઓર્ગેનાઈઝેશનમાંથી એક ઓફિસર રેસ્ટોરન્ટમાં આવ્યો. એણે બધી જ વાત જાણી અને રતન ટાટા અને એમના મિત્રો ઉપર ૫૦ યુરો એટલે કે લગભગ રૂ. ૪૦૦૦નો દંડ ફટકારી દીધો. હવે આ મિત્રો બિલકુલ ઢીલા પડી ગયા હતા. સોશિયલ સિક્યોરિટી ઓર્ગેનાઈઝેશનના ઓફિસરે દ્રઢતાપૂર્વક આ મિત્રોને જણાવ્યું કે, 'જમવાનો એટલો જ ઓર્ડર કરો જેટલું તમે ખાઈ શકો, પૈસા ભલે તમારા હોય પણ સંશાધન તો આખા સમાજના છે.' દુનિયામાં એવા ઘણા લોકો છે કે જેમને બે ટંક પૂરું ભોજન મળતું નથી. તમારી પાસે આ ભોજન બરબાદ કરવાનું કોઈ વાજબી કારણ પણ નથી.'

જર્મનીના હેમ્બર્ગની આ ઘટના રતન ટાટાએ નોંધી લીધી અને હિન્દુસ્તાન આવીને જાહેરમાં અભિવ્યક્ત પણ કરી. ટાટા નોંધે છે કે, 'જર્મની જેવા અમીર અને વિકસીત દેશની આ માનસિકતાથી એમણે અને એમના મિત્રોએ ખૂબ શરમિંદગી અનુભવી.' જર્મનીના અને જાપાનના નાગરિકો જેવી માનસિકતા અપનાવવાની જરૂર છે. ભારત એક અદભુત સાંસ્કૃતિક વિરાસત ધરાવતું રાષ્ટ્ર છે. આપણો દેશ સંશાધનોની દ્રષ્ટીએ સમૃદ્ધ તો નથી જ. ત્યારે દેશના નાગરિકોએ નાની નાની બાબતમાં જાગૃતિ રાખી રાષ્ટ્ર પ્રત્યે તેમના પ્રેમના દર્શન કરાવવા જોઈએ. જ્યારે કોઈ પાર્ટીમાં જઈએ કે પાર્ટી આપીએ, ત્યારે એટલું જ જમવાનું ઓર્ડર કરીએ જેટલો ઉપયોગ કરી શકીએ. કૃષિ મંત્રાલયના એક અહેવાલ અનુસાર ભારતમાં પ્રતિવર્ષ ૫૦ હજાર કરોડનું જમવાનું બરબાદ થઈ રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, દર વર્ષે ૪૦ ટકા જેટલું ભોજન દેશમાં વેડફાઈ રહ્યું છે. વિકસીત દેશની પારાશીશી માત્ર આર્થિક બાબતો ઉપર જ અવલંબિત હોતી નથી. વિકસીત દેશમાં નાગરિકોની વિચારધારા, જવાબદારી, રાષ્ટ્ર પ્રત્યે નિષ્ઠા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી હોય છે.

દેશપ્રેમની વાતો તો બધા કરે, પણ શું ખરેખર દેશપ્રેમ દિલમાં છે ખરો ? દેશ પર જો કોઈ આપત્તિ આવે તો દરેક લોકો લડવા તો જતા નથી પણ રાષ્ટ્રીય સંશાધનોનો વિવેકપૂર્ણ ઉપયોગ અને જાળવણી કરીને રાષ્ટ્રીય ભાવના પ્રજ્વલિત રાખવાની નિષ્ઠાપૂર્વકની કોશિષ કરાય છે ખરી ? દેશ માટે પ્રેમ હોય તો દિલ ખોલીને એને બતાવવો પડશે. જેમ એક લેખકની દેશભક્તિ ભાષા પ્રત્યેના દ્રષ્ટિકોણમાં સમાયેલી છે, વિદ્યાર્થીની દેશભક્તિ અભ્યાસમાં સમાયેલી છે, શ્રમિકની દેશભક્તિ શ્રમમાં સમાયેલી છે એમ દરેક વ્યક્તિની દેશભક્તિ એના કાર્યની નિષ્ઠા અને જવાબદારીમાં રહેલી છે. સ્વાતંત્ર્ય દિવસ અને ગણતંત્રદિન ગર્વથી શાનદાર રીતે ઉજવીએ જરૂર પરંતુ આખું વર્ષ દેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના પળભર માટે પણ દિલ અને દિમાગમાંથી આઘી હટવા ન દઈએ.

**ધબકાર :**

**'નહીં જ ચાલે માત્ર રાષ્ટ્રગીતોના ગાનથી, જરૂરી છે દેશભક્તિનો રાગ ઊઠે માનથી...' (વિશાલ ગોયાણીના બ્લોગ ઉપરથી)**